Introduction

## પ્રાક્કથન

ઈ.સ.૧૮૮૦ થી ૧૯૨૦નો કાલખંડ, સમગ્ર હિન્દના અને ગુજરાતના પ્રજાજીવનમાં જે સામાજિક, ધાર્મિક-સાંસ્કૃતિક અને રાજકીય સંચેતના ઉદય પામી તેના સંદર્ભમાં, વિશેષ મહત્ત્વ ધરાવે છે. ચાલીસ વર્ષના આ કાલખંડમાં હિન્દના ઈતિહાસના સંદર્ભમાં બે ખંડ પડી જાય છે : ઇ.સ.૧૮૮૦ થી ૧૯૦૨ સુધીનો પ્રથમ ખંડ, અને ઈ.સ.૧૯૦૨ થી ૧૯૨૦ સુધીનો દ્વિતીય ખંડ. કાલના એ પ્રથમ ખંડમાં બ્રિટિશ શાસન હેઠળ, બ્રિટિશ વિચારસંપત્તિથી પ્રબુદ્ધ થયેલા આપણા પ્રાજ્ઞ પુરુષો બ્રિટિશ ન્યાયમાં શ્રદ્ધા ધરાવી, બ્રિટિશ શાસને પ્રવર્તાવેલી સુવિધાઓથી પ્રભાવિત થઇ, પોતાને પ્રાપ્ત કેળવણીના પ્રકાશમાં સામાજિક અને ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિને જીવનકાર્ય માની એ સિદ્ધ કરવાની દિશામાં પોતાને પ્રાપ્ત ઉપકરણો દ્વારા ક્રિયાશીલ હતા. ઈ.સ.૧૮૭૦-૭૧ના અરસામાં, બ્રિટિશ શાસનમાં આપણી સંપત્તિના થતા શોષણના કારણે આપણા હુન્નરઉદ્યોગોની અવનતિ થતાં આપણે દરિદ્ર બનતા જઇએ છીએ એવી પોતાની પ્રતીતિથી પ્રજાને અને બ્રિટિશ શાસનના કર્ણધારોને સંપ્રજ્ઞ કરવાનો દાદાભાઇએ પુરુષાર્થ આરંભ્યો હોવા છતાં બ્રિટિશ સામ્રાજ્યમાંથી એમની નિષ્ઠા ચલિત થઇ ન હતી: ઈ.સ. ૧૮૮૫માં સ્થપાયેલી ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ પણ અંગ્રેજ પ્રજાના જેવા જ અધિકારો હિન્દની પ્રજાને પ્રાપ્ત થાય એવું સુશાસનહિન્દમાં પ્રગટ એવા રાજકીય સુધારાના ઠરાવો ઘડીને સરકારને પહોંચાડવામાં જ પ્રવૃત્ત હતી. લગભગ ઓગણીસમી સદીના અંત સુધી આપણી આકાંક્ષાઓ અને પ્રવૃત્તિનું આ જ ચિત્ર રહ્યું.

વીસમી સદીના ઉદય સાથે એક મોટું પરિવર્તન આકાર પામી રહે છે. કાલના એ બીજા ખંડમાં હિન્દના અગ્રણીઓના ચિત્તમાં સુશાસન નહીં, સ્વશાસનની આકાંક્ષા જાગી જાય છે. ટિળક, લાલા લજપતરાય અને બિપિનચંદ્ર પાલના પ્રયત્નો એ આકાંક્ષાને નક્કર અને દૃઢ કરી. અને ઇ.સ.૧૯૦૬માં તો દાદાભાઇએ એ આકાંક્ષાને ગતિ અને બળ આપે એવા સ્વરાજના મંત્રનો ઉદ્ઘોષ કર્યો. સ્વરાજ્યની મંત્રદીક્ષા પામેલી આપણી રાજકીય આકાંક્ષા, ઇ.સ. ૧૯૧૫ પછીનાં વર્ષોમાં ગાંધીજીની પ્રેરણાનાં જલને

સ્પર્શી, ૧૯૨૦માં અસહકારના આંદોલનનું મૂર્ત રૂપ પામી જાય છે.

એ કાલખંડમાં સમગ્ર હિન્દમાં સામાજિક સુધારણા અને રાજકીય આકાંક્ષાની જે સંપ્રજ્ઞા પ્રગટવા પામી તેને ગુજરાતી પ્રજાના ચિત્તમાં અવતારવાને અંબાલાલ સાકરલાલ દેસાઈ, હરગોવિંદદાસ કાંટાવાળા અને ઉત્તમલાલ ત્રિવેદીએ યથાશકય પ્રયાસ કર્યો. જેના નામનું અભિધાન પામ્યો છે એ ગોવર્ધનયુગના આ કાલખંડમાં સમાજસુધારણાને અને રાજકીય હિલચાલને પ્રત્યક્ષ અભિવ્યકિત આપી પ્રજાનાં ચિત્તમાં પ્રેરવાનું કાર્ય પ્રમુખતઃ આ ત્રણ સારસ્વતોના હાથે જ થવા પામ્યું છે. વિવિધ પરિષદોમાં અંબાલાલે વ્યાખ્યાનો આપીને, હરગોવિંદદાસે વ્યાખ્યાનો અને ગ્રંથો લખીને તથા ઉત્તમલાલે તદ્કાલીન સામયિકોમાં લેખો લખીને એ કાર્ય કર્યું છે. એમના ગદ્યકાર્યની પ્રમુખ પ્રેરણા પણ, મુખ્યત્વે, એ હિલચાલજ રહી છે.

ગુજરાતી સાહિત્યના ગોવર્ધનયુગની એ સમાજ-રાજકીય હિલચાલના પ્રત્યક્ષ પ્રતિઘોષ ગોવર્ધનરામ, ગૌણ અપવાદ બાદ કરતાં મણિલાલ, નરસિંહરાવ, રમણભાઈ, આનંદશંકર વગેરે આપણા વરીયસ્ (Major) ગણાતા સાક્ષરોના ગદ્યમાં ઊઠતા સંભળાતા નથી. એ રીતે, એ કાલખંડમાં સમાજ-રાજકીય ચિંતક તરીકે એ ત્રણેનું ગદ્યવાઙ્મય વિશિષ્ટ ગણાવાનું અધિકારી ઠરે એવું છે.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં મહત્ત્વનું પ્રદાન ગણાવાની યોગ્યતા ધરાવતા, એ ત્રણે સારસ્વતોના ગદ્યવાઙ્મયને નિરીક્ષવાનું મને ઉચિત જણાયું છે.

મારા એ અધ્યયન-નિરીક્ષણના ઉપક્રમમાં, એ ત્રણે સારસ્વતોના મનોકોષ જે યુગચેતનાના દ્રાવણમાં ઘડાવા પામ્યા તે યુગનાં સામાજિક, ધાર્મિક-સાંસ્કૃતિક અને રાજકીય પરિબળોને - આપણા રાષ્ટ્રીય પુનરુત્થાનકાળના પ્રબોધપુરુષાર્થને મેં '૧૮૮૦ થી ૧૯૨૦નો કાલખંડ-પાર્શ્વભૂમિકા- એ પ્રથમ પ્રકરણમાં અવલોકવા પ્રયત્ન કર્યો છે.

એ ત્રણે સારસ્વતોના ગદ્યવાઙ્મયની નિરીક્ષા હાથ ધરતાં ગદ્ય અને પદ્ય, ગદ્ય અને કવિતા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી ગદ્યની વિશિષ્ટ પ્રકૃતિ તપાસવાનું મને ઉચિત જણાયું છે. 'ગુજરાતી ગદ્યની વિકાસધારા ઇ.સ.૧૮૮૦ થી ૧૯૨૦' એ બીજા પ્રકરણમાં

પ્રથમ ભાગમાં મેં એની યથામતિ તપાસ કરી છે. ગદ્ય પરત્વે થયેલી અંગ્રેજી અને ગુજરાતી વિચારણાના અધ્યયનથી હું એવું તારણ કરવાને પ્રેરાયો છું કે કવિતા અને ગદ્ય વચ્ચેનો તાત્ત્વિક ભેદ મનોવૈજ્ઞાનિક પ્રકારનો છે. એ ચૈતસિક પ્રવૃત્તિના એક રૂપ (form) ની અભિવ્યક્તિને તે કવિતા છે, તો એના અન્ય રૂપની અભિવ્યક્તિ ગદ્ય છે. કવિતા સર્જનાત્મક (creative) અભિવ્યક્તિ છે, ગદ્ય વિધાયક (constructive) અભિવ્યક્તિ છે. અભિવ્યક્તિમાં રહેલી આ ભિન્નતા જ ગદ્ય અને કવિતા વચ્ચેની યથાર્થ ભિન્નતા છે. એ ભિન્નતા મેં કવિતા અને ગદ્યના ઉપાદાનરૂપ શબ્દની વિભિન્ન પ્રકૃતિ સ્પષ્ટ કરીને દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. કવિતાના ઉપાદાનરૂપ શબ્દ પણ સર્જનાત્મક છે, સ્વયંભૂ છે, ઇલિઝાબેથ સિવેલે કહ્યું છે તેમ સહજજ્ઞ - intuitive છે. કવિતા માટે શબ્દ શોધવાનો હોતો નથી, ઘડવાનો હોતો નથી, પરંતુ કવિતાના મૂળમાં રહેલા પ્રત્યયની કવિચિત્તમાં ઉપસ્થિતિ સાથે જ શબ્દ પણ આકાર લે છે, કવિચિત્તમાં આકાર લેતી અનુભૂતિ સાથે જ એની અભિવ્યક્તિની ઉચિત શબ્દ પણ જન્મ પામી જતો હોય છે, કવિના ચિત્તમાં ઉદ્‌ભવતા પ્રત્યયની સાથે યુગપત્ રીતે શબ્દ પણ ઉદય પામી જાય છે. પ્રત્યય અને શબ્દ વચ્ચે, હર્બર્ટ રીડે કહ્યું છે તેમ, સમયનો અવકાશ પડતો નથી: શબ્દ પ્રત્યય છે અને પ્રત્યય જ શબ્દ છે. એ બંનેનું અદ્વૈત કવિતા છે. જ્યારે ગદ્ય એ વિધાયક અભિવ્યક્તિ છે. 'વિધાયક' સંજ્ઞા સિદ્ધ સામગ્રીના વિનિયોગનું સૂચન કરે છે, ગદ્યલેખકને હાથવગા સિદ્ધ શબ્દો સાથે કામ પાડવાનું હોય છે, ગદ્ય, એ રીતે, construction નો વ્યાપાર છે.

કવિતા અને ગદ્ય વચ્ચેના ભેદનું આલેખન કરી, કોઇ પણ રાષ્ટ્રના સાહિત્યના ઇતિહાસમાં ગદ્ય કરતાં કવિતા - કોઇને કોઇ પ્રકારની કાવ્યરચનાઓ પ્રથમ સંભવતી હોય છે, ગદ્યનો ઉદ્‌ભવ અને વિકાસ મંદ અને અનિશ્ચિત ગતિએ સંભવતો હોય છે તેના મૂળમાં રહેલા કારણોનું નિરીક્ષણ કરી, ગદ્યની પ્રકૃતિ નિર્માણ કરતાં ઘટક તત્ત્વો લેખે શબ્દ, વિશેષણ, વાક્યરચના વગેરેની લાક્ષણિકતાઓ વિલોકવાનો પ્રયત્ન કર્યો છે.

અંબાલાલ, હરગોવિંદદાસ અને ઉન્નમલાલ જેવા પ્રમાણમાં અલ્પખ્યાત ગણાતા ગદ્યલેખકોના ગદ્યની અવલોકના કરતાં એમના ગદ્યકાર્યને યથાર્થ પરિપ્રેક્ષ્ય સાંપડે એટલા માટે, એ કાલખંડના વરીયસ્ (Major) ગણાતા ગદ્યલેખકોના ગદ્યને નિરીક્ષવાનું અનિવાર્ય ગણાય. એ નિમિત્તે પ્રકરણના બીજા ભાગમાં નર્મદથી આરંભ પામતી ઇ.સ. ૧૯૨૦ સુધીની પ્રધાન ગદ્યધારાનું સ્વરૂપ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. એ સંદર્ભમાં નર્મદ, નવલરામ, ગોવર્ધનરામ, મણિલાલ, નરસિંહરાવ, રમણભાઇ અને આનંદશંકરના ગદ્યની લાક્ષણિકતાઓને વિગતે અવલોકી છે, ઠાકોર અને ન્હાનાલાલના ગદ્યના વિશેષનું નિદર્શન માત્ર કર્યું છે.

ત્રણ, ચાર અને પાંચ એ પ્રકરણો, હકીકતમાં, તો એક મહાપ્રકરણના ખંડો જ છે, ગુજરાતી ગદ્ય સાહિત્યના ઇતિહાસના એ મહાપ્રકરણને વ્યવસ્થા ખાતર ત્રણ ૪ પ્રકરણમાં વિભાજીત કર્યું છે. ત્રણેના ગદ્યવાડ્મયને પ્રેરતી મૂળ પ્રેરણા એક જ છે. પણ એ પ્રેરણા પરત્વે પ્રતિભાવ દાખવવાની અને તેને અભિવ્યક્તિ અર્પવાની ત્રણેની મનોમય સજ્જતા ભિન્ન છે. પરિણામે એ ત્રણેનું ગદ્યનિબંધન વિભિન્ન લક્ષણો ધરાવે છે અને ત્રણેનું ગદ્ય ગુજરાતી ગદ્યધારાના ત્રિવિધ સ્થિત્યંતરોનું દ્યોતક છે. એ સ્થિત્યંતરોના તર્કનિષ્ઠ નિદર્શન માટે એનું ત્રણ અલગ પ્રકરણમાં વિભાજન કરવાનું મને ઉચિત જણાયું છે.

ત્રીજા પ્રકરણમાં સંસારસુધારણા અને રાજકીય આકાંક્ષા સિધ્ધ કરવા નિમિત્તે ગુજરાતમાં થયેલા પ્રયત્નોની ટૂંકી ભૂમિકા બાંધી દિ.બ.અંબાલાલ સાકરલાલ દેસાઇના ગદ્યકાર્યને તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. એમાં વિવિધ સંસ્થાઓના ઉપક્રમે કેળવણી, સ્ત્રીકેળવણી, વિધવાવિવાહ, શરીરસ્વાસ્થ્ય, પરદેશી શાસન હેઠળ દેશના ઉદ્યોગના થયેલી અવદશા, પરિણામે દેશમાં વ્યાપેલું દારિદ્રય વગેરે વિષયોની બૌદ્ધિક ચિકિત્સા કરતાં આપેલાં વ્યાખ્યાનો દ્વારા ગુજરાતી પ્રજાના ચિત્તમાં સમાજસુધારાના ઉન્મેષને દઢ કરી રાજકીય આકાંક્ષા જાગૃત કરવાના અંબાલાલ દેસાઇના સમર્થ પુરુષાર્થની લાક્ષણિકતાઓનું વિવરણ-પૃથક્કરણ કરી, એમનું સરલ, અનલંકૃત અને છતાં હૃદયગ્રાહી સજીવતા (Vitality) ની ગુણ ધારણ કરી લોકવાણીનું સ્વરૂપ પ્રાપ્ત કરતું ગદ્ય

પંડિત યુગના ગુજરાતી ગદ્યમાં કેવી વિલક્ષણતા દાખવે છે તે દર્શાવ્યું છે.

મહીપતરામના શિષ્ય, સંસારસુધારક ગણિત લાલશંકરના મિત્ર અને એ બંનેના પ્રભાવ હેઠળ પ્રથમ પ્રાર્થનાસમાજની તથા પાછળથી આર્યસમાજની જનસુધારણાની પ્રવૃત્તિમાં સક્રિય રસ દાખવનાર હરગોવિંદદાસ કાંટાવાળાનું સંસારસુધારણાના યત્નો સાથે પ્રજાની આર્થિક સ્થિતિ સુધારવાને ગુજરાતમાં પ્રવર્તમાન થયેલી સ્વદેશીની હિલચાલને પ્રેરી વ્યવસ્થા અને વેગ આપવામાં મહત્ત્વનું અર્પણ રહ્યું છે. 'દેશી કારીગરીને ઉત્તેજન ભાગ-૧-૨', 'સુસારસુધારો', 'કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા ભાગ ૧-૨', 'નીતિધર્મ', 'સ્ત્રીજાતિનાં કર્તવ્યો', 'ગૃહવિદ્યા અથવા ઘરવ્યવસ્થા', 'અંધેરી નગરીનો ગર્ધવસેન' અને 'બે બહેનો' જેવી એમની ગ્રંથસૃષ્ટિની વિગતે આલોચના કરી ઘરખૂણિયા શબ્દોના આગ્રહવાળા, કહેવતો અને રૂઢ પ્રયોગોના વિનિયોગથી રચાવા પામેલા રૂઢ, તળપદા ગદ્યબંધની ચોથા પ્રકરણમાં પૃથક્કરણાત્મક અન્વીક્ષા કરવાનો યત્ન કર્યો છે.

પાંચમા પ્રકરણમાં ઉત્તમલાલ ત્રિવેદીના ગદ્યવાઙ્મયને તપાસ્યું છે. 'વસંત' 'સમાલોચક' 'યુગધર્મ' વગેરે સામયિકોમાં તદ્કાલીન સામાજિક, સાહિત્યિક અને વિશેષતઃ રાજકીય સ્થિતિ અને પ્રવાહની ચિકિત્સા કરતા ઉત્તમલાલના લેખો ગુજરાતી વાઙ્મયને ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે. નિબંધ, ચરિત્ર-રેખાંકન અને વિવેચનનું સ્વરૂપ ધારણ કરતા એ લેખોનું અન્વેક્ષણ કરી એ લેખોમાં પ્રયોજાયેલા, અંબાલાલ અને હરગોવિંદદાસના ગદ્યથી ભિન્ન, હૃદયને નહીં, પણ ચિત્તનાં દલેદલને સ્પર્શતા, ગોવર્ધનયુગના ગૌરવને ધારણ કરતા, અને છતાં ગોવર્ધનયુગમાં વિરલ ગણાય એવા Legal Prose નું પરિમાણ દાખવતા ઉત્તમલાલના ગદ્યબંધની એ પ્રકરણમાં નિરીક્ષા કરી છે.

અંતમાં, છઠ્ઠા પ્રકરણમાં એ કાલખંડમાં સંભવેલી અન્ય અલ્પખ્યાત ગદ્યધારાનું પ્રવાહદર્શન કરાવ્યું છે. એમાં ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, વાડીલાલ મો. શાહ, રણજિતરામ મહેતા, ચંદ્રશંકર પંડયા, કમળાશંકર ત્રિવેદી, અતિસુખશંકર ત્રિવેદી, મોહનલાલ દવે વગેરેના ગદ્યકાર્યની વિશિષ્ટતા નિર્દેશનું વિહંગાવલોકન રજૂ થયું છે.

મારા એ શોધ-નિરીક્ષણમાં માર્ગદર્શક અધ્યાપક તરીકે પૂ. ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા ગુજરાતના પ્રવર (eminent) સાહિત્ય-મીમાંસક અને સંસ્કૃતિ-ચિંતકનું માર્ગદર્શન મને પ્રાપ્ત થયું છે એને હું મારું પરમ સૌભાગ્ય ગણું છું. મારી સૂઝ-સમજને પ્રેરવામાં એમના માર્ગદર્શનની મને ખૂબ જ સહાય રહી છે, એ બદલ એમનો હું અંતઃકરણપૂર્વક આભારી છું. મારા મુ. વડીલ એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી કુંજવિહારી મહેતાએ એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજના સમૃધ્ધ પુસ્તકાલયનો ઉદારતાથી ઉપયોગ કરવાની સુવિધા કરી આપી છે, મારા સંશોધન કાર્યમાં સતત રસ દાખવીને મને મમતાભર્યું પ્રોત્સાહન આપ્યું છે, એમનું મારા પર મોટું ઋણ છે, એમનો પણ હું આભારી છું.

એમ.ટી.બી.આર્ટ્સ કૉલેજના ગુજરાતીના પ્રાધ્યાપક મુ. ડૉ. જયંત પાઠક, ગુજરાત યુનિવર્સિટીના માજી કુલપતિ મુ. ડૉ. ઉમાશંકર જોષી, એચ.કે.આર્ટ્સ કૉલેજના આચાર્ય મુ. શ્રી યશવંત શુક્લ, ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય મુ. શ્રી મોહનભાઇ પટેલ તથા મ.સ.યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના રીડર મુ. ડૉ. સુરેશ જોષીની મારા આ અધ્યયનમાં, પ્રસંગોપાત્ત, કીંમતી સહાય મળતી રહી છે, એ સર્વ વડીલોનો પણ હું આભાર માનું છું. અને મારા મિત્રોનો ઉષ્માભર્યો સહકાર તો મને સાંપડયો જ છે.

સૂરત,
મે, ૧૯૭૭

- નટવરસિંહ પરમાર